417 CS (MAIN) EXAM, 2010

A-DTN-K-JM-5

# GUJARATI

## (Compulsory)

*Time Allowed : Three Hours* | *Maximum Marks : 300*

---

*INSTRUCTIONS*

***Candidates should attempt all questions.***

***The number of marks carried by each question is indicated at the end of the question.***

***Answers must be written in Gujarati, unless otherwise directed.***

***In the case of Question No. 3, marks will be deducted if the précis is much longer or shorter than the prescribed length.***

---

1. કોઈપણ **એક** વિષય ઉપર લગભગ 300 શબ્દોમાં નિબંધ લખો : *100*

(a) કાયદાથી 'ગૌરવ હત્યા' ('ઓનર કિલિંગ') રોકી શકાશે ખરી ?

(b) ખાદ્યપદાર્થોમાંની ભેળસેળનાં ભયસ્થાનો

(c) અંધવિશ્વાસ વિરુદ્ધ તાર્કિકતા

(d) શિક્ષણ અને સામાજિક પરિવર્તન

(e) માહિતીઅધિકારના કાયદાથી સ્વચ્છ અને ન્યાયપૂર્ણ વહીવટની ખાતરી મળશે ખરી ?

2. નીચે આપેલા ગદ્યખંડને કાળજીપૂર્વક વાંચી એની નીચે આપેલા પ્રશ્નોના ઉચિત, સ્પષ્ટ અને મુદ્દાસર ઉત્તરો આપો : *10×6=60*

પરંપરાગત વીજવપરાશનાં સાધનો પરનું આપણું અવલંબન ઓછું કરવાનો એક નવીનીકરણ પામેલો ઉર્જામાર્ગ સૌર ઉર્જાનો છે. પરંપરાગત વીજવપરાશનાં સાધનો વધુ મોંઘાં થતાં જાય છે અને ઘસાતાં જાય છે. સૌર ઉર્જાનો ઉપયોગ આપણી પૃથ્વીની પર્યાવરણસમતુલા નિભાવવા અને 'ગ્રીન-હાઉસ' ના પ્રભાવને ઓછો કરવાની એકમાત્ર ચાવી છે. સૌર ઉર્જાના ઉપયોગી ગુંણો હોવા છતાં અત્યાર સુધી એનો વ્યાપક સ્તરે નથી તો એનો ઉપયોગ થયો કે નથી તો પરંપરાગત વીજવપરાશનાં સાધનોના વિકલ્પ તરીકે એને સ્વીકૃતિ પણ પ્રાપ્ત થઈ. એ તકનિકી અપેક્ષાની તુલનાએ વિશેષ મોંઘી છે, છતાં એની તકનિકી સજ્જતામાં પ્રતિવર્ષ નોંધનીય પરિવર્તન કરવામાં આવે છે જેનાથી એની કિંમતમાં ઘટાડો થઈ

શકે. ભલે મંદ રીતે પણ નિશ્ચિત પણે અને વ્યવહારુ વિકલ્પ તરીકે ઉભારવામાં આવે છે. સરકાર દ્વારા સ્થાપિત જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય સૌર ઉર્જા મિશન આ દિશામાં એક સાતત્યપૂર્ણ અને વિશુદ્ધ ઉર્જાસ્રોત પૂરો પાડે છે.

સૌર ઉર્જાક્ષેત્ર રોજગારી ઊભી કરવાની દિશામાં પણ આશાઓ જગાવે છે. સંશોધન અને તકનિકી નાવીન્યના ક્ષેત્રમાં એનું રોકાણ ઉચ્ચ સ્તરનું છે.

વિદ્યુત્-ઉત્પાદનમાં વિશ્વમાં છઠ્ઠા ક્રમે હોવા છતાં ભારતમાં હજી વિદ્યુત્ક્ષેત્રે સમસ્યાઓ છે. સૌર ઉર્જા આ સમસ્યા ઘટાડી શકે. એ પૂર્ણ પર્યાવરણતંત્રને ઉભું કરી શકે અને વિદ્યુત્ની માગને બળ આપી શકે. આજે અત્યધિક માગવાળાં સૌરસ્થાનો, સૌર ઉર્જાકેન્દ્રી ઇજનેરી વ્યવસ્થાઓ પરિરૂપસ્થિતિમાં છે. આનાથી ઉદ્યોગો વિકસશે, આવશ્યક રીતે કૌશલ અને

સજ્જતા દ્વારા ઉત્પાદનખર્ચમાં અને સમતુલા દ્વારા વાણિજ્યેતર ખર્ચમાં ઘટાડો લાવી શકાશે.

(i) વીજવપરાશનાં પરંપરાગત સાધનો પરનું આપણું અવલંબન શા માટે ઘટાડવું જોઈએ ?

(ii) સૌર ઉર્જાના ઉપયોગથી શા લાભ થાય છે ?

(iii) સૌર ઉર્જાનો ઉપયોગ હજી સુધી લોકપ્રિય કેમ નથી થયો ?

(iv) સૌર ઉર્જાને જનસાધારણ સુધી પહોંચાડવા માટે કયા ઉપાયો કરવામાં આવી રહ્યા છે ?

(v) સૌર ઉર્જાના ક્ષેત્રમાં યુવાનોને ઉચ્ચ હોદ્દાઓ કઈ રીતે આપી શકાય ?

(vi) સૌર ઉર્જાની કિંમત કયા ઉપાયોથી ઘટાડી શકાય ?

૩. નીચે આપેલા ગદ્યખંડનો ૧/૩ સંક્ષેપ કરો. એને શીર્ષક આવશ્યક નથી. આપેલા શબ્દોની મર્યાદા ન સાચવનાર ઉમેદવારના ગુણ કપાઇ શકશે. સંક્ષેપ માટે આપેલા જુદા કાગળમાં જ એ લખવો અને એને ઉત્તરવહી સાથે દોરીથી બાંધી દેવો. *60*

જો કળા પ્રત્યેક યુગવિશેષને અભિવ્યક્ત કરે છે તો વીતેલા યુગનું સીમાખંડન કરી એની પુરાણી કલ્પનાઓને અને મનોબંધને હચમચાવે પણ છે. જીવનનો પ્રવાહ સાતત્યપૂર્ણ છે. એ ક્રાંતિપ્રક્રિયા દરમ્યાન વિશેષ ગતિશીલ બને છે અને પરિવર્તન તીવ્ર અને આમૂલ હોય છે ત્યારે સામાજિક જરૂરિયાતોની અગ્રિમતા એવી સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે વિશેષ દબાણ ઊભું કરે છે. એક રીતે એ જૂનાં મૂળિયાંને શિથિલ કરી, પુરાણા ઢાંચા અને નવા માળખા વચ્ચેનું દ્વંદ્વ રચે છે. એ જાતેજ પોતાને નૈતિક મૂલ્યો અને સભ્યતાના સંરક્ષક જાહેર કરી દે છે, તેમ જ ન આવનારા દરેક પ્રવાહને ટાળતા રહે છે. પરિવર્તનના સમર્થકો એને સ્વીકારતા નથી. એ જૂના માપદંડો અને નિયમોની અવજ્ઞા કરે છે. સામાજિક પરિવર્તનની દરેક ભાત એક

સાંસ્કૃતિક માળખાની માગ કરે છે, જે પોતાની આવશ્યકતાઓને સ્વયં વ્યક્ત કરે છે. એ ભાત જૂની સંસ્કૃતિએ રચી હતી જે હવે નવી શક્તિ અને નવી તકનિકને ઉપયોગમાં લઇ શક્તી નથી. પોતાની વસ્તુધારણામાં એ નવા આદર્શોને પ્રતિબિંબિત કરી શક્તી નથી. જૂની સંસ્કૃતિના સમર્થકો આ સંદર્ભમાં સંસ્કૃતિવિરોધી અને બર્બરતાપૂર્ણ રીતોને અપનાવે છે જેની પૂર્વે એમણે જ ઉપેક્ષા અને ભર્ત્સના કરી હતી. જ્યારે કોઈ તાકાત પ્રગતિશીલ બની શક્તી નથી ત્યારે દમનકારી બની જાય છે. અભિનવ સમાજ જ સંસ્કૃતિ અને વિજ્ઞાનની પ્રત્યેક શાખામાં આમૂલ વિકાસ માટે કલાકારને અવસર પ્રદાન કરી શકે છે.

આજે અસ્તવ્યસ્ત સમાજને કારણે જીવનનું સંકલનસૂત્ર ખોરવાઇ ગયું છે અને એને લીધે પ્રત્યેક શાખાની ગતિવિધિ એકબીજાથી અલગ થઇ ગઈ છે. દાર્શનિક વિજ્ઞાનીથી અલગ થયો છે અને કલાકાર ઈજનેરથી અલગ થયો છે. જીવનની સમગ્રતા અને ઐકયના સ્પંદનપૂર્ણ ગ્રથનથી બધા વિખૂટા પડી ગયા છે. જયારે

મૂળે તો પ્રત્યેક વ્યક્તિ સમતુલા, સૌંદર્ય અને પૂર્ણત્વના રેખાંકનોને જોડનાર કારક છે. દષ્ટાન્ત તરીકે હવે યંત્રને પણ રૂઢ ગાણિતિક રેખાંક જેમાં વિષાદમય હવા અને ધૂમાડાના જડ અને આવેગહીન જનક તરીકે માનવામાં આવતા. એને સાધારણ રીતે ધરતી અને ઉપરના મહાવ્યોમ જેવા જ માની લેવામાં આવે છે, જેમ પ્રાચીન ગાથાઓમાં નૈપુણ્ય અને જીવેતતાના ગતિશીલ અને નાયકત્વપ્રધાન કથાનકને સ્વીકાર કરવામાં આવે છે. યંત્ર આજે મનુષ્યપ્રવત્તિનો વિસ્તાર બની ચૂક્યું છે. એ બતાવે છે કે મનુષ્યે પ્રકૃતિ પર પોતાનું વર્ચસ્ સ્થાપિત કર્યું છે. એ તત્ત્વો પર એના વિજયઅભિયાનની ગાથા છે. આ સંઘર્ષ મનુષ્ય જેટલો જ પ્રાચીન છે. એ સંઘર્ષ પૂર્ણ સૌંદર્ય, લય, સંગીત અને રંગોથી સભર છે.

જો મનુષ્યે પોતાની નબળાઈથી યંત્રોને પોતાના ઉપર પ્રભુત્વ જમાવવાની અનુમતિ આપી છે તો એમાં જેણે એને સરજયાં છે એ યંત્રોનો દોષ નથી. એના દ્વારા જ એ રચાયું છે અને નષ્ટ કરવામાં આવે છે. પરનિંદાની આ

ભૂખ મનુષ્યનો જ કોળીયો કરી જશે. રેડિયો માત્ર મનુષ્યના ફેફસાંનો ધ્વનિવિસ્તાર છે. ટેલિફોન એના કાનનો. વિમાનને જોઇ ભવાં મઢાવવાં અને ખડખડ થતા બળદગાડાને વધાવવું એમાં કવિન્યાય નથી. એ માત્ર રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતા છે. આજના ટ્રેક્ટરની જેમ હળ એક વખતે સીમાવર્તી સાધન હતું. મનુષ્યની નવાં ઉપકરણો બનાવવાની અભૂતપૂર્વ ક્ષમતા સામાજિક પરિવર્તનોના નિયમોની ઉપેક્ષા કરે છે. કોઈપણ કલાકાર આવી ઉપેક્ષાનો પક્ષકાર ન બની શકે. 'એક કલાકાર જૈવિક સૃજનક્ષમતા ધરાવે છે' એમ મહાન મેક્સિકન કલાકાર રિવેરા ડિએગો જણાવે છે. જેમ એક વૃક્ષ ફૂલ અને ફળ સરજે છે. એ ગૂમાવેલાં પર્ણો પાછળ રડતું નથી કેમકે એ જાણે છે કે નવી ઋતુમાં એ પુનઃ આવશે અને નવાં ફળ આપશે. કળા માત્ર શું છે એ આલેખતી નથી પણ શું થશે એ દર્શાવે છે. એ બનાવટી, ભેળસેળવાળી આકાંક્ષાઓને બદલે, કે હતાશ કરનારી હારને બદલે રૂપાન્તરણ કરનારી સંભાવનાઓને અભિવ્યક્ત કરે છે.

4. નીચે આપેલા અંગ્રેજી ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો : 20

The world does not need extraordinarily talented people. It does not need highly skilled people either. It has plenty of super-intelligent people. We need ordinary people with extraordinary motivation. M.K. Gandhi was an ordinary man with amazing motivation to establish truth and justice. The Wright brothers were ordinary people with a dream of flying.

You can also achieve exceptional results if you are inspired with a higher ideal. Replacing 'inspiration' with 'information' has led to knowledge being viewed as drudgery rather than as pleasure. Education has degenerated to data being transmitted from the teacher to the taught without igniting the minds of the young with a higher purpose.

How many of us wake up inspired, looking forward to a day of service ? Who among us finds exhilaration in contributing to society ? Life changes magically from boredom to excitement when you are inspired to serve. You redefine norms and achieve the impossible, paving the way to outstanding success. You find happiness at work, not in escaping from it. Most importantly, you evolve spiritually and attain Godhood.

Inspiration gives ordinary people the courage and hope to make life better for themselves and for posterity. Find inspiration and life will transform into an exciting adventure of self-discovery.

5. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો : 20

આજે વિજ્ઞાનની સામાજિક જવાબદારીની વાત કરતાં હું એ બાબતો વિશે પણ બોલીશ કે જે યુવાનો માટે સાપેક્ષ રીતે સહેલી છે, પણ મોટી વયની વ્યક્તિઓની સમજણ માટે કઠિન છે. જે સામાન્ય રીતે થોડાં વર્ષો પછી શિથિલ પડી જાય છે એવો એક ગુણ યુવાનોમાં છે અને એ છે કલ્પનાશીલતાનો ગુણ. કલ્પનાશીલતા એવો ગુણ છે જે વિજ્ઞાનનું અભિન્ન અંગ છે અને કુદરત તરફથીજ યુવાનોને મળેલું દાન છે. દુ:ખદ વાત એ છે કે વધતી જતી વયની સાથે એ ગુણ સુકાતો જાય છે પણ આ ગુણ. તો એવો છે જેની આજના આ દુ:ખી સંસારમાં પ્રચૂર માત્રામાં જરૂર છે.

પાછલી ત્રણ સદીથી વિજ્ઞાનની શોધખોળોએ સમાજ ઉપર પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે પરંતુ સામાન્ય રીતે લોકોએ એ નથી જાણ્યું કે આપણા વિશ્વને એણે કઈ રીતે પ્રભાવિત કર્યું છે. એમણે એની પરવા પણ

નથી કરી. ન્યૂટનના સમયથી મનુષ્યને જાણ થઈ કે તંત્રવિજ્ઞાન કે જે વિજ્ઞાનની શોધ ખોળો પર આધારિત છે તેનાથી ભરપૂર આરામ અને લાભ મેળવી શકાય એમ છે. ત્યારે લોકોએ જાણવાનો પ્રારંભ કર્યો કે વિજ્ઞાનના સંસર્ગથી બનેલી ઔષધિઓથી લાંબું જીવન જીવી શકાય છે.

લિયોનાર્દ દ વીંચીના સમયથી લોકોએ પ્રશંસા કરી કે વિજ્ઞાન યુદ્ધોમાં વિજય મેળવવામાં ભૌતિક રીતે મદદરૂપ થઈ શકે છે. જેમ જેમ વર્ષો વીત્યાં તેમ તેમ યંત્રવિજ્ઞાન આધારિત ભૌતિકવાદ વિકાસ પામ્યો, તકનિકી જ્ઞાનની માગ તીવ્રથી તીવ્રતર બની અને વધારેમાં વધારે લોકો વૈજ્ઞાનિકો અને તકનિકી વિશેષજ્ઞો બનવા લાગ્યા.

**6.** (a) નીચેના શબ્દોની જોડની સુધારો : *10*

આર્શિવાદ, સન્યાશિ, પરીસ્થીતી, નૂકશાન, અદીતિ, કૂતુહલ, પૂનરાવતાર, વર્તણુંક, નિતિશ, સૂસૃસા

(b) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : *10*

(i) પારકાનું દુ:ખ ભાંગનાર વ્યક્તિ.

(ii) જેની ત્રણ બાજુ જળ હોય એવો ભૂમિખંડ.

(iii) એક વાર બાળકને જન્મ આપ્યા પછી માતા ન બનનાર સ્ત્રી.

(iv) શરીરનાં બધાં અંગ એક સાથે પ્રણામની મુદ્રામાં જોડાવાં.

(v) જેને કશામાં આસક્તિ નથી એવી વ્યક્તિ.

(vi) બે પશુથી ચાલતું હોય એવું વાહન.

(vii) પહેલાં કદી ન થયું હોય એવું.

(viii) જમીનમાં રહેલા પાણીની ભાળ આપનાર.

(ix) ઈશ્વરનો સંદેશો પૃથ્વી ઉપર લાવનાર.

(x) જેનો જન્મ પહેલાં થયો છે એવો.

(c) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી, વાક્યમાં પ્રયોજો : *10*

(i) દીવા નીચે અંધારું હોવું.

(ii) કોઈના ડબામાં લોટ નાખવો.

(iii) વટાણા વેરી નાખવા.

(iv) હાથ ઊંચા કરી દેવા.

(v) પોબારા ગણવા.

(d) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો : *10*

અકિંચન, જ્યેષ્ઠ, સ્વકીયા, વિવૃત, ગીચ, પરાધીન, ગૌર, ઢાળ, કલૈબ્ય, બહુમતી